સામના બાજુ લોકોએ મોંઘવારીનો સામનો કરવો પડે છે. તેની વ્યથાએ પણ આપણે ઉત્પાદનના સચોટ આંકડાઓ મેળવવા માટે સરકારે ટેકનોલોજીનો ભરપુર ઉપયોગ ઉત્પાદનની લાગત અને મહેનતનું યોગ્ય વળતર મળશે. સખત મહેનત કરીને દેશનો વળતર અને આમ લોકોને વ્યાજબી ભાવે પુરવઠો પુરો પાડી શકાશે.

# દેવા માફીના આંદોલનને જન સમર્થન સાંપડ્યું

## ...ા માફ કરવામાં કર્ણાટક પણ યુપી, મહારાષ્ટ્ર અને પંજાબના રસ્તે

### ...માફી માટે ગુજરાતમાં ઓબીસી એકતા મંચ દ્વારા ઠેર ઠેર રેલી અને આવેદન

માફીની જાહેરાત કરવામાં આવી હતી. તો બીજી બાજુ ગુજરાતમાં ઓબીસી મંચ દ્વારા દેવા માફી માટે ૧૨ થી વધુ તાલુકામાં ખેડુતોના દેવામાફી માટે આવેદન પાઠવવામાં આવ્યું હતુ.

૨૨,૨૭,૫૦૬ ખેડુતોના રૂા.૧૦,૭૩૬ કરોડના કોર્પોરેટર બેંકોના દેવા માફ કરાશે. જેના કારણે સરકારને ૮૧૬૫ કરોડનો બોજો પડશે દેવામાફી જાહેર કરીને કોંગ્રેસ સરકારે ખેડુતોના દિલ જીતવાની કોશીષ કરી હતી. રાષ્ટ્રીય અને કોમર્શિયલ બેંકો દ્વારા સમગ્ર દેશમાં દેવા માફી કરવામાં આવે તેવી ઈચ્છા સિદારમૈયા દ્વારા વ્યકત કરવામાં આવી હતી. જ્યારે ગુજરાતમાં ભાજપ સરકાર સામે ઓબીસી એકતામંચના કાર્યકરો દ્વારા મહેસાણા, તલોદ, કરજણ સહિત ૧૨થી વધુ તાલુકામાં રેલી યોજી આવેદન પાઠવવામાં આવતા ગુજરાત સરકારની મુશ્કેલી વધી છે.

બુધવારથી શરૂ થયેલા આ આંદોલનને પગલે આજે મેંદરડા, તલોદ, રાધનપુર, આમોદ, બરવાળા, ધ્રાંગધ્રા પાદરા અને મોરબી સહિતના વિસ્તારોમાં ખેડુતોના દેવા માફીની માંગ સાથે રેલીઓ યોજાઈ હતી.

# જીટીયુ ડીપ્લોમાંના સેમ.૬ના પરિણામમાં આત્મીયના વિદ્યાર્થીઓનો દબદબો

## વત્સલ વેકરીયાએ ૧૦માંથી ૧૦ તેમજ સાગર નિશિલે ૯.૯૧ સીપીઆઈ મેળવી આત્મીયનું નામ રોશન કર્યું

રાજકોટ

તાજેતરમાં જાહેર થયેલ ગુજરાત ટેકનોલોજીકલ યુનિ.ના ડિપ્લોમાંના છઠ્ઠા સેમેસ્ટરમાં કુલ ૨૫૮૬૦ વિદ્યાર્થીઓ એ પરીક્ષા આપી હતી. જેમાંથી આત્મીય ઈન્સ્ટિટયુટના ૧૦ વિદ્યાર્થીઓએ ૧૦માંથી ૧૦ એસપીઆઈ પ્રાપ્ત કરીને સમગ્ર ગુજરાતમાં રાજકોટ અને આત્મીયને આગળ પડતું સ્થાન આપ્યું છે. જીટીયુ ટોપ ૧૦ પરિણામોમાં સીપીઆઈ અને એસપીઆઈ પ્રમાણે આત્મીયના





૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ઓટોમોબાઈલ એન્જિનિરીંગમાં અભ્યાસ કરતા વેકરીયા વત્સલ ૧૦માંથી ૧૦ એસપીઆઈ અને સીજીપીએ પ્રાપ્ત કરીને યુનિ.ના ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ અભ્યાસ ક્રમમાં પહેલો નંબર મેળવીને જીઓએલડી મેડલનો હકદાર બન્યો છે. અને સાથે સાથે ઈલેકટ્રીકલ એન્જિનિરીંગના વિદ્યાર્થી સાગર નિશિલ અને કમ્પ્યુટર એન્જિનિરીંગની વિદ્યાર્થીની જીજ્ઞા એ અનુક્રમે ૯.૯૭ અને ૯.૯૧ સીપીઆઈ પ્રાપ્ત કરીને પહેલુ અને બીજુ સ્થાન પ્રાપ્ત કરેલ છે. આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુશન્સના ડિરેકટર ડી.જે.એન. શાહ ડિપ્લોમાં કોલેજના પ્રિન્સીપાલ

# ...ી કાલે સામાન્ય સભા: સેમેસ્ટર પધ્ધતિ-નવી સ્કૂલોને મંજુરીના પ્રશ્નો ઉઠાવશે સભ્યો

## ...ો.પ્રિયવદન કોરાટ, ડો.નિદત બારોટ સહિતનાઓ શિક્ષણ અને વિદ્યાર્થી હિત મુદ્દે સવાલોનો મારો ચલાવશે

... બોર્ડ સમક્ષ પોતાના પ્રશ્નો રજુ કર્યા છે. ડો.પ્રિયવદન કોરાટે સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમ અંગેના પ્રશ્નો કર્યા છે. જેમાં આ પધ્ધતિ રદ કરવામાં બોર્ડની ભૂમિકા અને હાલમાં કઈ પધ્ધતિ અમલમાં છે તેની માહિતી માંગી છે. ઉપરાંત જામનગરની સ્કુલની મંજુરી અંગેના પ્રશ્ન અને રાજ્યમાં સ્કુલોની નોંધણી બાકી ... તેની વિગતો માંગી છે. જ્યારે ડો.નિદત બારોટે ... કારણથી રખાયું છે અને પરીણામ ક્યારે આપશે તેની વિગત માંગી છે. નરેન્દ્ર વાઢેરે સેમેસ્ટર સિસ્ટમમાં પાસ-નાપાસ અંગેની વિગતો માંગી છે અને ૧૩૨ ગુણ સાથે પાસ થવાના નિયમની જાણકારી પણ માંગી છે. ઉપરાંત ધોરણ-૧૦માં બે વિષયની પુરક પરીક્ષા લેવાય છે તો ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયની પરીક્ષા ... વિદ્યાર્થીલક્ષી મહત્વના પ્રસ્તાવો મુક્યા હતા. જેમાં ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અન્ય રાજ્યના શિક્ષણ બોર્ડ અને દેશની તમામ યુનિવર્સિટીની જેમાં ઉત્તરવહીનું પુનઃમુલ્યાંકન વિદ્યાર્થી ઈચ્છે તે બે વિષયમાં કરવાનું તથા ધોરણ-૧૦ની પરીક્ષા હળવી અને સરળ કરવા પ્રસ્તાવો મુક્યા હતા. ૬૯ ગુણ મેળવે તેને ધોરણ-૧૦માં પાસ જાહેર કરવા. પરંતુ કારોબારી સમિતિએ આ પ્રસ્તાવો કોઈ કારણ આપ્યા વગર સામાન્ય સભામાં રજુ થતા પહેલા રોકી રાખ્યા છે.

ડો.કોરાટે આક્ષેપ કર્યો હતો કે કારોબારીમાં બેઠેલ અમુક સભ્યોને વિદ્યાર્થી હિતના કામો કરવાને બદલે